પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૨ | ૬ માર્ચ, ૨૦૨૨, રવિવાર; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આંશિક યુદ્ધ વિરામની રશિયા દ્વારા જાહેરાત

### યુક્રેનમાં ફસાયેલા અન્ય દેશોના લોકોને બચાવવા પગલું : યુક્રેનના શહેર મારીપોલ-વોલ્નોવાખામાં રહેલા લોકોને યુદ્ધગ્રસ્ત વિસ્તારથી બહાર નીકળવા માટે રશિયન સેનાની આંશિક યુદ્ધ વિરામની જાહેરાત

મોસ્કો, તા.૫

રશિયાએ યુક્રેનમાં યુદ્ધવિરામની જાહેરાત કરી છે. ખારકીવ અને સુમીમાં ફસાયેલા પોતાના નાગરિકોને બહાર કાઢવા માટે ભારતે રશિયા પાસે માંગણી કરી હતી. યુક્રેને પણ આ સમયગાળા દરમિયાન હુમલો નહીં કરવાની ખાતરી આપી હતી. જે બાદ આજે રશિયન મીડિયા એજન્સી સ્પુતનિકમાં જણાવ્યા મુજબ યુક્રેનમાં ફસાયેલા અન્ય દેશોના લોકોને બચાવવા માટે રશિયાએ યુદ્ધવિરામની જાહેરાત કરી છે. રશિયાએ માનવતાના આધાર પર આ જાહેરાત કરી છે. મહત્વનું છે કે સેંકડો ભારતીયો હાલમાં ખાર્કિવ અને સુમીમાં ફસાયેલા છે. ગઈકાલે જ સુમીમાં ફસાયેલા ભારતીયોનો એક વીડિયો સામે આવ્યો હતો. જે બાદ ભારતે રશિયા પાસે યુદ્ધવિરામની પણ માંગ કરી હતી. રશિયન મીડિયા અનુસાર યુક્રેનના સ્થાનિક સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગ્યે યુદ્ધવિરામ શરૂ થશે.

રશિયાના સંરક્ષણ વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે કે યુક્રેનના શહેર મારીપોલ અને વોલ્નોવાખામાં રહેલા લોકોને યુદ્ધગ્રસ્ત વિસ્તારથી બહાર નીકળવા માટે રશિયન સેના આંશિક યુદ્ધ વિરામની જાહેરાત કરે છે.

જો કે આ બંને ક્ષેત્રોમાં ભારતીયોની સંખ્યા ઘણી ઓછી છે, તેમ છતાં તે શાંતિની દિશામાં એક સારું પગલું છે. એવું માનવામાં આવે છે કે યુક્રેન અને રશિયા વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત બાદ આ કોરિડોર બનાવવા માટે સમજૂતી થઈ છે. જ્યારે બીજી તરફ મળતા રિપોર્ટ અનુસાર કીવ, ચેર્નિહિવ અને સુમીમાં હજુ પણ ફાયરિંગ શરું છે.

યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધનો ૧૦મો દિવસ છે. યુક્રેને દાવો કર્યો છે કે જાયટોમીર શહેરમાં રશિયન બોમ્બમારામાં તેના ૪૭ નાગરિકનાં મોત થયાં છે. સ્થાનિક પોલીસે તેને ક્લસ્ટર બોમ્બથી કરાયેલો હુમલો ગણાવ્યો હતો. બીજી તરફ અમેરિકા અને નાટોના આશ્વાસનના આધારે સુપરપાવર રશિયા સામે શિંગડા ભેરવ્યા પછી યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલ્દોમીર ઝેલેન્સ્કીને એક મોટો ઝાટકો લાગ્યો છે. નાટો ગઈકાલે જ તેની હાઈ લેવલ મીટિંગમાં યુક્રેનને નો ફ્લાઈ ઝોન ગણાવ્યો છે. જે બાદ નાટોના આ નિર્ણય પર યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી રોષે ભરાયા છે. તેમણે નાટોને ઘણું જ નબળું અને ભ્રામિક ગણાવીને કહ્યું કે આજથી યુક્રેનમાં જે પણ લોકોનાં મૃત્યુ થશે, તેમનું લોહી નાટોના હાથે ગણાશે, કારણ કે તમારી નબળાઈ અને ખરા સમયે દૂર રહેવાના કારણે આજે રશિયાને યુક્રેનમાં ખુલ્લું મેદાન મળી ગયું છે.

પીએમ મોદીએ અત્યાર સુધી આ મામલે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે બે વખત વાતચીત કરી છે. ભારતે યુક્રેન અને રશિયા પાસેથી માગણી કરી હતી કે આપણા નાગરિકોને ત્યાંથી જવાની તક આપે અને યુદ્ધવિરામ જાહેર કરે. હજુ પણ મોટી સંખ્યામાં ભારતીયો રશિયાને અડીને આવેલા યુક્રેનના વિસ્તારોમાં ફસાયેલા છે. તો બીજી તરફ શુક્રવારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ઓપરેશન ગંગા મારફતે ૧૭૦૦૦ ભારતીય નાગરિકોને યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પરત લાવવામાં આવ્યા છે.

## યુક્રેન દ્વારા માગણી સ્વિકારાય તો વાટાઘાટો માટે પુતિન તૈયાર

મોસ્કો, તા.૫

યુક્રેન પર યુધ્ધના ૯માં દિવસ સુધી કોઈ મોટી સફળતા ન મળતાની વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે મોટું નિવેદન આપ્યું છે. પુતિન યુક્રેનિયન શહેરોમાં બોમ્બ ધડાકાના આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે અહીં સુધી કહ્યું કે, જો તેમની માંગણીઓને માની લેવામાં આવે તો તે વાતચીત કરવા માટે તૈયાર છે. રશિયાના રાષ્ટ્રપતિ કાર્યાલય, ક્રેમલિને જણાવ્યું કે, યુક્રેનિયન શહેરો પર બોમ્બ ધડાકાના અહેવાલો ખોટા અને નકલી છે. પુતિનનું આ નિવેદન તેમની જર્મન ચાન્સલર ઓલાફ સોલ્જની સાથે વાતચીત દરમિયાન આવ્યું હતું. પુતિને જણાવ્યું કે, યુક્રેનની રાજધાની કીવ અને અન્ય મોટા શહેરોમાં હવાઈ હુમલાના સમાચાર એક ખૂબ જ મોટો દુષ્પ્રચાર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, યુક્રેન સાથે વાતચીત ત્યારે જ સંભવ છે જ્યારે, તેમની માંગણીઓ માની લેવામાં આવે. ક્રેમલિનના જણાવ્યા અનુસાર પુતિને આ વાતની પુષ્ટિ કરી છે કે, રશિયા માટે યુક્રેની પક્ષ અને અન્ય બધા સાથે વાર્તાલાપનો વિકલ્પ ખુલ્લો છે પરંતુ શરત એ છે કે, રશિયાની બધી માંગણીઓને માની લેવામાં આવે.

આમાં યુક્રેનની તટસ્થ અને ગેર પરમાણુ દેશ હોવાની શરત, તેમના દ્વારા ક્રિમિયાને રશિયાનો ભાગ માનવો અને પૂર્વી યુક્રેનના અલગતાવાદી વિસ્તારોની સાર્વભૌમત્વની શરતો સામેલ છે. જેમાં બંને પક્ષો વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત અંગે આશા વ્યક્ત કરવામાં આવી છે. સાથે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે કે, યુક્રેનની સરકાર તાર્કિક અને સકારાત્મક વલણ બતાવશે. કીવના વાર્તાકારોના જણાવ્યા અનુસાર બંને પક્ષો વચ્ચે આગામી તબક્કાની વાતચીત સપ્તાહના અંતમાં થવાની શક્યતા છે. યુક્રેન અને રશિયા વચ્ચે અત્યાર સુધી બે રાઉન્ડની વાતચીત થઈ ચૂકી છે. જોકે, આ વાતચીતમાં અત્યાર સુધી કોઈ ખાસ ઉકેલ આવ્યો નથી.

## મેં યુક્રેન છોડ્યુ નથી, છોડવાનો નથી : જેલેન્સ્કી

રશિયન મીડિયા દ્વારા કરવામાં આવેલા દાવાને યુક્રેન પ્રમુખ જેલેન્સ્કીએ ફગાવી દીધો છે. જેલેન્સ્કીએ પત્રકાર પરિષદ યોજીને જણાવ્યુ છે કે તેઓ ક્યાંય ભાગ્યા નથી અને ભાગવાના નથી. યુક્રેન-રશિયા વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે રશિયન મીડિયાએ દાવો કર્યો હતો કે રશિયન આર્મી ગમે ત્યારે રાજધાની કીવનો કબ્જો લઈ શકે છે. રાજધાની કીવ પર હુમલાઓ તેજ બનાવી દેવાયા છે.



આ દાવાઓ વચ્ચે એવુ પણ કહેવાયું હતું કે યુક્રેન પ્રમુખ જેલેન્સ્કી દેશ છોડીને નાસી ચૂક્યા છે. તેઓ ભાગીને પોલેન્ડમાં આશરો લઈ રહ્યા છે. યુક્રેનના નાગરિકો અને યુક્રેનની આર્મીનું મનોબળ તોડવા માટે રશિયા તરફથી આવા સમાચારો વહેતા કરાયા હતા. યુદ્ધના દસમા દિવસે યુક્રેન પ્રમુખ જેલેન્સ્કીએ પત્રકાર પરિષદ યોજી હતી તેઓએ પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી કે તેઓ જરાય ડર્યા નથી કે હાર્યા નથી. તેઓ યુક્રેનની પ્રજા અને આર્મીની પડખે છે. તેઓ ક્યાંય ભાગ્યા નથી અને ભાગવાના નથી. તેઓ છેલ્લા શ્વાસ સુધી રશિયા સામે લડત આપશે.

## ૧૦ હજાર રશિયન સૈનિકો માર્યા ગયાનો યુક્રેનનો દાવો

### મોટી સંખ્યામાં રશિયન હથિયારો તબાહ થયા છે, જેમાં ૪૦ હેલિકોપ્ટર્સ, ૨૬૯ ટેન્ક, ૩૯ મિલટરી એરક્રાફ્ટ સામેલ

મોસ્કો, તા.૫

રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધનો અગિયારમો દિવસ છે.રશિયાની સેના યુક્રેન પર હજી સંપૂર્ણ કબ્જો કરી શકી નથી. યુક્રેનમાં ઘૂસેલી રશિયન સેનાને યુક્રેનના સૈનિકો લડત આપી રહ્યા છે.હવે યુક્રેને દાવો કર્યો છે કે, અત્યાર સુધીમાં યુદ્ધમાં માર્યા ગયેલા રશિયન સૈનિકોની સંખ્યા ૧૦૦૦૦ થઈ ચુકી છે. સાથે સાથે મોટી સંખ્યામાં રશિયન હથિયારો પણ તબાહ થયા છે.જેમાં ૪૦ હેલિકોપ્ટર્સ, ૨૬૯ ટેક્ક, ૩૯ મિલટરી એરક્રાફટ, ૬૦ ફ્યુલ ટેક્ક અને બીજા હથિયારો તેમજ બખ્તરિયા વાહનોનો સમાવેશ થાય છે. જોકે રશિયા યુક્રેનના દાવાને સ્વીકારવા માટે તૈયાર નથી.રશિયાએ ગઈકાલે કહ્યુ હતુ કે, અમારા ૪૫૦ જેટલા સૈનિકોના મોત થયા છે. બીજી તરફ આજે રશિયાએ યુક્રેનના બે શહેરોમાં થોડા કલાકો માટે યુધ્ધ વિરામની જાહેરાત કરી છે.જેથી લોકોને સહીસલામત રીતે બહાર કાઢી શકાય.

### દુઃખદ અવસાન



**શ્રીમતી રંજનબેન કાલીદાસ નાઈ**

જન્મ તા.૦૧-૦૬-૧૯૫૦ સ્વ.તા.૨૩-૦૨-૨૦૨૨

મારા ધર્મપત્ની શ્રીમતી રંજનબેન કાલીદાસ નાઈનું તા.૨૩-૦૨-૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.ઈશ્વરને જે ગમ્યુ તે ખરુ. પરમ દયાળુ પરમાત્મા તેઓના ચરણોમાં શ્થાન આપે તેવી પરમકૃપાળુ પરરમાત્માને નમ્ર પ્રાર્થના.

તા.૦૭-૦૩-૨૦૨૨ ના રોજ સરવણીની વિધી ૮ થી ૧૦ કલાક સુધી

બેસણું

-: બેસણું તથા ઉત્તરક્રિયા :-

બેસણુ : તા.૦૭-૦૩-૨૦૨૨ સોમવાર ના રોજ સમય : ૧૦:૦૦ થી ૧૨:૦૦ રાખેલ છે.
ઉત્તરક્રિયાનું આયોજન અમારા નિવાસ સ્થાને રાખવામાં આવ્યુ છે.
સમય : ૧૨:૦૦ થી ૧૪:૦૦

લિ.
કાલીદાસ ગોરધનદાસ નાઈ(પતિ)
હિતલ કે.પારેખ (પુત્ર)
પરાગી એચ.પારેખ(પુત્રવધુ)
મનોજ કે.પારેખ (પુત્ર)
ધર્મેશ કે.પારેખ (પુત્ર)
ગોપાળભાઈ જી.પારેખ (ભાઈ)
યોગેશ,ગુણવંત,સુરેશ,જિતુભાઈ,ગૌરવ,કલ્પેશ

Mo.91043 45260

અમારા નિવાસ સ્થાનનું સરનામુ :- પ્લોટ નંબર - ૧૪૯૫/૨ સેકટર-૩ ડી.સાંઈબાબના મંદિર પાસે,ગાંધીનગર.

## બ્રહ્મોસ મિસાઈલના એડવાન્સ વર્ઝનનું નૌસેના દ્વારા પરીક્ષણ

ભારતીય નૌસેનાએ બ્રહ્મોસ મિસાઈલના એડવાન્સ વર્ઝનનું સફળ પરિક્ષણ કર્યું છે. પરીક્ષણ દરમિયાન મિસાઈલે લક્ષ્ય પર હુમલો કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. બ્રહ્મોસ મિસાઈલનું એક એડવાન્સ વર્ઝન છે. અપડેશન બાદ તેની મારવાની ક્ષમતા ઘણી વધી ગઈ છે. ભારતનું આ સફળ પરીક્ષણ આત્મનિર્ભર ભારત મિશનની સફળતા માટે સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યું છે. બ્રહ્મોસ મિસાઈલનો સમુદ્રી વેરિએન્ટસ આએનએસ વિશાખાપટ્ટનમ સાથે મળીને દુશમનોની ઊંઘ હરામ કરી દેશે. સમુદ્રમાંથી છોડવામાં આવનાર બ્રહ્મોસ મિસાઈલના ચાર વેરિઅન્ટ છે. પ્રથમ યુદ્ધ જહાજ પરથી વાર કરી શકાય તેવું એન્ટી-શિપ વેરિએન્ટ, બીજું યુધ્ધ જહાજ પરથી વાર કરી શકાય તેવું લેન્ડ એટેક વેરિએન્ટ. આ બંને વેરિએન્ટ ભારતીય નૌસેનામાં અગાઉથી જ ઓપરેશનલ છે.

### જોઈએ છે

(૧) સ્કૂલ બિલ્ડીંગના બાંધકામ માટે કોન્ટ્રાક્ટર
(૨) સાઈટ એન્જિનિયર (લાયકાત M.Tech)

ઉમેદવારી પાસે બાંધકામ અને સુપરવાઈઝરનો ૧૦ વર્ષનો અનુભવ હોવો જોઈએ.
યોગ્યતા ધરાવતા ઉમેદવારો નીચેની વેબસાઈટ પર અરજી કરી શકે છે.

applygnagar@gmail.com

### બેસણું



મારા પિતાશ્રી **અંબાલાલ છબાભાઈ પટેલ** તા.૦૩-૦૩-૨૦૨૨ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના. સદ્દગતનું બેસણું તા.૦૬-૦૩-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ૭૩૭, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો.૯૪૨૬૫ ૮૬૧૬૫

નરેશભાઈ અંબાલાલ પટેલ
હીરાબેન અંબાલાલ પટેલ
માતુલ નરેશભાઈ પટેલ
રણછોડ પશાભાઈ પટેલ
હંસલ નરેશભાઈ પટેલ
જનક શિવાભાઈ પટેલ
પ્રકાશ ચંદુભાઈ પટેલ
અનિલ ચંદુભાઈ પટેલ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
રાજુભાઈ ડાહ્યાભાઈ પટેલ (નિકોલ) - પરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (નિકોલ)

### ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.
કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.
ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો
70969 55791
સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે

**TV રીપેરીંગ**
ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ
LG, Samsung, Sony, Panasonic
માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ
ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

